# પિતૃવ્રત મહાલયઃ શ્રાદ્ધપક્ષ

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

ભાદ્રપદ માસ સુદ પક્ષ દેવ, દેવી, દેવતાઓનાં વ્રતોથી આનંદથી પરિપૂર્ણ હોય છે. તેમ જ વદ પક્ષ પિતૃદેવોનાં શ્રાદ્ધ સ્મરણ પિતૃપૂજન વિધિથી પાવન પવિત્ર બને છે. ભાદ્રપદ વદ એકમથી મહાલય શ્રાદ્ધ કાળ સૂર્ય વૃશ્ચિક રાશિમાં પ્રવેશ કરે છે તે સમય સુધી હોય છે. એટલે ભાદ્રપદ વદ એકમથી વદ અમાસ સુધી મુખ્ય કાળ હોય છે અને આસો વદ એકમથી વૃશ્ચિક સંક્રાંત સુધી ગૌણકાળ માનવામાં આવે છે. મહાલય શ્રાદ્ધ મુખ્ય કાળમાં આવનારી દરેક તિથિ, યોગ, વાર, નક્ષત્ર  પિતૃદેવોની દૃષ્ટિમાં બહુ મહત્ત્વ ધરાવે છે. તેથી આ સમયગાળામાં રોજ જ મહાલય શ્રાદ્ધપૂજન કરવું દરેક પરિવારનું આદ્ય કર્તવ્ય છે. ભાદ્રપદ વદ પક્ષના આ બે સપ્તાહને શ્રાદ્ધ પિતૃપક્ષ, સરાધિયુપક્ષ, અપર પક્ષ એવાં વિશિષ્ટ નામો છે.

વિતી ગયેલ આગળનાં વર્ષોમાં પુષ્કળ સમય, ફુરસદ હોવાના કારણે પરિવારોમાં રોજ નિત્ય નિયમાધીન રહીને મહાલય શ્રાદ્ધ કરીને તેનો મહત્તમ લાભ, પિતૃઓથી પ્રાપ્ત થતો અલભ્ય લાભ પરિવારજનો ને મળતો હતો પણ હવે સમય બદલાયો છે. માનવ કર્મોમાં વ્યસ્ત બન્યો છે. તેથી દરરોજ શ્રાદ્ધ કર્મ પૂજન થતું નથી.

પુરાણ ગ્રંથોમાં જે તિથિએ માણસનું અવસાન થયું છે તે તિથિએ જ શ્રાદ્ધપૂજન વિધિ કરવાથી જે પિતૃઆશિષનું ફળ પ્રાપ્ત થાય છે તેની નીચે વિગતો છે. એકમ - પ્રતિપદા - સૌભાગ્યવાન પુત્રપ્રાપ્તિ. બીજ - સૌભાગ્યવાન કન્યાપ્રાપ્તિ, ત્રીજ - અશ્વધનલાભ, ચતુર્થી - ગોધનપ્રાપ્તિ લાભ. પાંચમ - જ્ઞાની સંતાન લાભ. છઠ - બળ બુદ્ધિવાન સંતાન લાભ. સાતમ - કૃષિધન પ્રાપ્તિ. આઠમ - વ્યવસાય સિદ્ધિ. નોમ - નૂતન વાહનપ્રાપ્તિ. દશમી - સ્વગૃહ પ્રાપ્તિ, અગિયારસ - જ્ઞાનગુણ પ્રાપ્તિ. બારસ - સુવર્ણલાભ. તેરસ - મહાનતા કીર્તિપ્રાપ્તિ. ચતુર્દશી - રોગ અને વિકારનાશ મુક્તિ. સર્વપિતૃ અમાવાસ્યા - સકલ મંગલ કામના યશપ્રાપ્તિ અને આ મહાલય પક્ષમાં ભરણી તથા મઘા નક્ષત્રના દિવસે શ્રાદ્ધપૂજન કરવાથી પિતૃઓને મહાનિર્વાણ યાત્રાનો



પુણ્ય લાભ મળે છે તેથી પિતૃદેવો પ્રસન્ન બને છે. સૌખ્ય સુખ આપે છે. નોમના દિવસે શ્રાદ્ધવિધિ કરવાથી અવિધવા શ્રાદ્ધ લાભમાં મૃત સુહાગનોને ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે. બારસનું શ્રાદ્ધ કરવાથી આપણા વંશમાં કોઈ સંન્યાસી મૃત થયો હોય તો તેમને ઉત્તમ ગતિ મળે છે તેમ જ વાહન અકસ્માતમાં, શસ્ત્રાઘાતમાં, અગ્નિ, પાણી, વિષ કે રસાયણ પ્રાશન કરવાથી મૃત્યુ પામેલા, ખૂન, આત્મહત્યા, ઊંચાઈ પરથી પડવાથી, જમીનમાં દટાઈ જવાથી જે પણ વંશવાળા મૃત્યુ પામેલા હોય તેમને સદ્ગતિ મળવા માટે મહાલય શ્રાદ્ધમાં ચતુર્દશીનું શ્રાદ્ધ ઉત્તમ ગતિ પ્રાપ્તિ મળવા માટે યોગ્ય છે. ફાંસી કે ગુમ થયેલા પરિવારજન માટે ચૌદસનું મહાલય શ્રાદ્ધ સદ્ગતિ પ્રદાન છે. વ્યક્તિનું નામ, ગોત્રનું નામ અવશ્ય બોલવાનું હોય છે.

બધી જ પંદર તિથિએ શ્રાદ્ધપૂજન શક્ય ના હોય તો છઠ - આઠમ - દશમ - એકાદશી - કોઈ પણ તિથિથી

> **આપણાં માતાપિતા અને અન્ય સગાંવહાલાં- સંબંધી મૃત થયા પછી એટલે પિતૃદેવ રૂપે ફરે છે અને શ્રાદ્ધ દ્વારા તેઓ પ્રસન્ન થઈને આશિષ આપે છે જે સુખકારક હોય છે એટલે શ્રાદ્ધ કરીને સુખ પામવાનું છે**

શ્રાદ્ધવિધિની શરૂઆત કરીને અમાસ સુધી શ્રાદ્ધ કરવા એમ ધર્મસિંધુ ગ્રંથ કહે છે. તેમ જ આપણા પિતૃઓની અવસાન તિથિના દિવસે શ્રાદ્ધવિધિ ના કરી શકાય એમ હોય તો મહાલયની પંદર તિથિમાં કોઈ પણ એક તિથિએ શ્રાદ્ધ અવશ્ય કરવું તે પરિવારનું કર્તવ્ય છે. શ્રાદ્ધ એટલે શ્રદ્ધા અને પૂજ્ય સ્મરણ. શ્રાદ્ધ કરવાથી દુષ્ટ દૃષ્ટિ નષ્ટ થાય છે. પરિવારમાં સુખ-શાંતિ-સમૃદ્ધિ થાય છે. વિદ્યા-વ્યવસાય વધે છે. નોકરી અને સેવાધર્મ ઉત્તમ થઈ જાય છે. પાપી નજર, બાધા નષ્ટપ્રાય થાય છે. દેવો વરદાન આપે છે. પિતૃઓ અક્ષય સુખપ્રાપ્તિ આપે છે.

મહાલય શ્રાદ્ધ વિધિમાં પરિવારની મૃત થયેલ પ્રત્યેક વ્યક્તિનું નામ લેવામાં આવે છે અને પિંડદાન પણ થાય છે. શાસ્ત્રમાં મૃત વ્યક્તિના  બે પ્રકાર છે. પ્રથમ વિભાગમાં બાર પાર્વણ પિતૃદેવતા આવે છે અને બીજા વિભાગમાં એકોદિષ્ટ પિતૃદેવતાઓ આવે છે. પાર્વણ એટલે સલગ્ન પેઢીના પિતૃદેવો. તે બાર છે. પિતા, દાદા, પરદાદા, માતા સગી તેમ જ સાવકી, માતાની સાસુબા અને પર સાસુબા, માતાના પિતા-દાદા, પરદાદા માતાની બા, દાદી-પરદાદી. એકોદિષ્ટ વિભાગમાં પત્ની, પુત્ર, પરણેલ કન્યા, કાકા અને કાકી, મામા અને મામી, ભાઈ અને ભાભી, ફોઈ અને ફુઆ, માસી અને માસા, બહેન અને બનેવી, સાસુ અને સસરા, ગુરુ અને ગુરુપત્ની, શિષ્ય અને તેમની પત્ની એવી ૨૧ મૃત વ્યક્તિનો સમાવેશ થાય છે. પાર્વણ વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય પિતૃદેવોને વસુ, રુદ્ર અને આદિત્ય એવાં નામો છે. અને એકોદિષ્ટ વિભાગમાં બધા જ પિતૃદેવોને વસુ નામથી સંબોધાય છે. મહાલય શ્રાદ્ધમાં બંને વિભાગના પિતૃદેવોનો સમાવેશ થાય છે. તેમનાં નામો સાથે તર્પણ અને પિંડદાન અપાય છે.આપણાં માતાપિતા અને અન્ય સગાંવહાલાં- સંબંધી મૃત થયા પછી એટલે પિતૃદેવ રૂપે ફરે છે અને શ્રાદ્ધ દ્વારા તેઓ પ્રસન્ન થઈને આશિષ આપે છે જે સુખકારક હોય છે એટલે શ્રાદ્ધ કરીને સુખ પામવાનું છે. પિતૃદેવો ભવઃ॥

---

# કુસંગથી બચો

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

મિત્રો, નાના નાના સૂત્રો જીવનમાં અપનાવીએ તો એનું કેવું સુંદર પરિણામ મળે. પૂ. ગુરુદેવ એવું જ એક સૂત્ર આપે છે કે કુસંગથી બચવાનું છે. આવો, આ સૂત્રને સમજીએ. ‘કો ન કુસંગતિ પાઇ નસાઈ, રહે ન નીચ મતે ચતુરાઈ.’ કાર ડ્રાઇવ કરીને જતાં હોઈએ સામે મોટો ખાડો દેખાય તો હવે તો બ્રેક લગાવો. બ્રેક પણ તો છે કારમાં. એ બેકાર નહીં. તેનો ઉપયોગ કરો. નજર સામે ખાડો હોવા છતાં જાણીને ખાડામાં પડશો? તે જ પ્રમાણે માનવ જીવનમાં પણ બ્રેક છે અને તે છે સંયમ. સંયમનો પ્રયોગ કરો. કુસંગથી, કુવિચારોથી, કુઆચરણથી બચો. સંયમનો ઉપયોગ કરવાનો એ તરફ જતાં સ્વયંને રોકવાનું છે. બ્રેકનો ઉપયોગ કરો. પછી ભગવાન કૃપા કરશે તો સત્સંગ પણ મળશે. રામકૃપાથી સત્સંગ મળે. અજામિલની કથા આપણે સૌ જાણીએ છીએ. સંતો પાસે સાંભળ્યું છે કે અજામિલ કનોજ નગરીનો બ્રાહ્મણ હતો. સાધક હતો. કનોજના ગૌરી શંકર મહાદેવના દર્શન કરી, સેવા કરી આવતો હતો કુસંગતિમાં ફસાયો; બુદ્ધિ નષ્ટ થઇ. સદ સંગતિ સમાપ્ત થઇ. પતન થયું પણ પૂર્વ સત્સંગ અને પત્નીના સદ વ્યવહારે ઘરે સંતોનું આગમન થયું. નામ દીક્ષા મળી. દીકરાનું નામ ‘નારાયણ’ પાડ્યું અને તરી ગયો! તેજ પૂ. ગુરુદેવ કથામાં ગંગાસતી અને પાનબાઈની વાત કરતાં સ્મરણ કરાવે. ‘સંગત કરો તો પાનબાઈ એવા નરની કરજો રે, ભજનોમાં રાખે ભરપૂર જી.’ આત્મદેવ બ્રાહ્મણનો દીકરો ધુધુંકારી કુસંગમાં પડી પ્રેતયોનિને પામ્યો. જીવનમાં જે વ્યક્તિ, વાત કુસંગના રસ્તે લઇ જાય તેની ઉપેક્ષા કરો જેમ મળ મૂત્રની ઉપેક્ષા કરીએ છીએ તેને પાછું ફરીને જોતાં નથી તેમ એવા વ્યક્તિ, વાતો તરફ ધ્યાન ન આપો. ‘શ્રી હનુમાન ચાલીસા’ પણ કહે છે કે ‘કુમતિ નિવાર સુમતિ કે સંગી.’ જેવું જોઈએ, સાંભળીએ તેનાથી આપણું મન બને.

આપણો કંટ્રોલ આપણા પર હોવો જોઈએ. જો ભક્તોના, સંતોના સંગમાં રહીશું તો એવી અસર થશે ને ચોર-ડાકુના સંગમાં રહીશું તો એના જેવા બનીશું ખરું ને? જુઓ આજના યુવાનો મોબાઈલના સંગમાં પડ્યા તો પ્રેમ,



લાગણી, હૂંફ, સાચા સંબંધો ગુમાવી બેઠા અને નિરાશ થઈ આપઘાત કરી બેઠાના કિસ્સા આપણે વાંચીએ છીએ. હમણાં જ પુત્રની મોબાઈલની જિદ, માતા અને પિતા મૃત્યુ પામ્યા દીકરો જીદમાં ગયો. ક્યાં છે આજના યુગની વાસ્તવિકતા! સંતો કહે છે સમુદ્રએ રાવણનો સંગ કર્યો એટલો તો અભિમાની બન્યો કે ખુદ રામ પ્રભુએ મદદ માંગી તો પણ રસ્તો ન આપ્યો! કુસંગને કારણે ભગવાનનો મહિમા પણ સમજી ન શક્યો! પૂ. રાજેન્દ્રદાસજી મહારાજ કહે છે જેમ ૧ ક્ષણના સત્સંગથી બધા જ પાપનો નાશ થાય તેમ ૧ ક્ષણના કુસંગથી બધા જ સત્કર્મો નાશ પામે. કુસંગના ત્યાગ વગર સત્સંગનો લાભ ન મળે. જે ન જોવાનું જોઈએ એ આંખનો કુસંગ, ન સાંભળવાનું સાંભળીએ એ કાનનો કુસંગ. સાધુ સંગતમાં રહો. અજામિલને થોડા સમયનો સત્સંગ મળ્યો. સંત ઘેર આવ્યા જોયું કે પતિત બન્યો છે, ભજન નહીં કરે. સંતોની ઉપસ્થિતિમાં તેમની સાત્વિકતાનું દિવ્ય આવરણ હોય તેને કારણે સદબુદ્ધિ છે. સંત પુરુષની સંગતમાં દુષ્ટ પણ એટલી વાર તો શુદ્ધ બને છે. પ્રહલાદજી હિરણ્યકશ્યપુની ગોદમાં આવીને બેઠા, બોલ્યા નથી હજી પ્રણામ કરી પિતાની ગોદમાં બેઠા શુકદેવજી કહે છે ભાગવતમાં કે પ્રહલાદજીના ગોદમાં બેસવા માત્રથી જ હિરણ્યકશ્યપુનું હૃદય પીગળી ગયું! યુવિત થયું, ગળું ભરાય ગયું!

> **ક્યાં છે આજના યુગની વાસ્તવિકતા ! સંતો કહે છે સમુદ્રએ રાવણનો સંગ કર્યો એટલો તો અભિમાની બન્યો કે ખુદ રામ પ્રભુએ મદદ માંગી તો પણ રસ્તો ન આપ્યો !**

પોતાનું અશ્રુના જળથી બાળક ભક્ત પ્રહલાદના મસ્તકને સીંચી દીધું! એટલે તો આંસુ નીકળ્યા! દુષ્ટ શિરમોર હિરણ્યકશ્યપુમાં સાત્વિકભાવનો ઉદય થયો. પ્રેમના લક્ષણનાં ભાવ ક્યાંથી આવ્યા? સંતના સ્પર્શનો મહિમા છે આ સત્સંગ ૩ પ્રકારનો છે- દર્શન, સમાગમ (ચર્ચા), સ્પર્શ નો સત્સંગ. પ્રહલાદજી નો સ્પર્શ અને દર્શન થતાં જ દુષ્ટ પિતાની બુદ્ધિ ક્ષણ માત્ર શુદ્ધ થઈ!’ સ્વામી રાઘવેન્દ્રમાર્ગ મા દેવહુતિ અને કપિલ ભગવાનના સંવાદની વાત કરતાં કહે છે- ‘કુસંગ એવો પાશ છે જેમાં બંધાયા પછી વ્યક્તિ છૂટી શકતો નથી ચાહવા છતાં મુક્ત ન થાય.’ કુસંગ ભલભલાને નષ્ટ કરી દે છે. પાંડવો કૌરવોના સંગ કરવા ગયા પરિણામ સામે જ છે. પૂ. ગુરુદેવ કહે છે- ભગવદીયોનો સંગ કરો, કુસંગથી બચો. રામાયણમાં કૈકેયી માની વાત છે જે રામને અતિપ્રેમ કરે છે. કહે છે ભરત અને રામ મારી બે આંખો છે ક્યાં છે મા કૈકેયીએ સ્વપ્નમાં મહેલ જોયો અને દશરથને કહ્યું કે મારે આવો જ મહેલ જોઈએ. આતો સ્ત્રી હઠ સામે પાછી રાણી. બની ગયો મહેલ. પણ રહેવા જવાના પહેલાં જ રામ-સીતાના વિવાહના સમાચાર મળ્યા રામપ્રેમી જનેતાએ એ મહેલ સોંપી દીધો પુત્ર અને પુત્રવધૂને! એ જ મા પોતાના પિયરથી લાવેલી દાસી મંથરાના સ્પર્શ થકી રામપ્રેમને ભૂલી વનવાસી બનાવી બેઠી રામને! કુસંગથી બુદ્ધિ બગાડી. જેણે ભરત જેવા રામપ્રેમી દીકરાને જન્મ આપ્યો એ જનેતા મંથરાના સ્પર્શ માત્રથી કઠોર બની. આજે પણ કહેવાય છે-રાવણ મર્યો મંથરા હજી સમાજમાં જીવે છે. સંગ તેવો રંગ અમસ્તુ નથી કહેવાતું. પોપટની વાત પણ જાણીએ જ છીએ કે સદાવ્રતી બ્રાહ્મણના સંગમાં રહેતો રામ-રામ રટતો થયો અને બીજો પોપટ અધર્મીને ત્યાં ગાળો ભાંડતો થયો. માટે જીવન સાર્થક કરવું હોય તો કુસંગથી બચો. [ગુરુવર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી) ના સત્સંગ ને આધારે]